વેચાણ દસ્તાવેજ

રાજકોટ શહેર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૨૬/૨ માં આવેલ ટી.પી. સ્કીમ નં. ૭ (નાનામવા આર.એમ.સી.) ના આખરી ખંડ નં. ૨૯/૨ તથા રેવન્યુ સર્વે નં. ૨૭ પૈકી ટી.પી. સ્કીમ નં. ૭ (નાનામવા આર.એમ.સી.) પૈકી આખરી ખંડ નં. ૩૧/૪ મળી કુલ જમીન ચો.મી. ૯૭૦૬ માં રેડીયસ ડીફરન્ટ એરીયા ચો.મી. ૩.૩૫ તથા કોમન પ્લોટ એરીયા ચો.મી. ૯૭૫.૪૧ ઠરાવી નેટ પ્લોટ એરીયા ચો.મી. ૮૭૨૭.૨૪ ઉપર આવેલ "ટવીન સ્ટાર" ના નામે ઓળખાતા વાણિજય હેતુ માટેના હાઈરાઈઝ સંકુલમાં નોર્થ બ્લોક / સાઉથ બ્લોક / સેન્ટ્રલ બ્લોક માં .... ફલોર પર આવેલ શોરૂમ / ઓફીસ કારપેટ એરીયા ચો.મી. .... ચો.ફીટ .... નો વેચાણ દસ્તાવેજ ₹ .... અંકે રૂપિયા ....
....પુરાનો.

આ વેચાણ દસ્તાવેજ આજરોજ તા.   –   –૨૦૧૮ ના રોજ નીચે દર્શાવેલ બે પક્ષકારો વચ્ચે નીચે જણાવેલ શરતોએ તથા વિગતે કરવામાં આવે છે.

પ્રથમ પક્ષકાર તે લખી આપનાર (ડેવલપર્સ)	:	મે. એવરકોન ડેવલપર્સ પ્રા.લી. (કંપની ધારા હેઠળ રજિ.નં. ૦૪–૨૯૪૨૯/૧૯૯૬–૯૭ તા. ૨૨–૪–૧૯૯૬) વતી અધિકૃત ડાયરેકટર શ્રી ભરતભાઈ ગીરજાશંકર જોશી. ઉ.વ. ૬૩, ધંધો વેપાર, રે. રાજકોટ, ઠે. ૫૦૧ – ૫૦૬, શીલ્પ ટાવર, ટાગોર રોડ, રાજકોટ. **(Pan Card No. AAACO2484K)**

જે કંપની ધારા–૧૯૭૬ હેઠળ મૂળ ઓમકીર્તિ કન્સ્ટ્રકશન પ્રા. લી. નામે સંસ્થાપિત થયેલ છે તથા રજીસ્ટ્રાર ઓફ કંપની ગુજરાત ધ્વારા રજી. નં. ૦૪/૨૯૪૨૯/૧૯૯૬–૯૭ તા. ૨૨–૪–૧૯૯૬ થી નોંધથી થયેલ છે. તેનું નામ બદલાવીને "એવરકોન ડેવલપર્સ પ્રા. લી. " કરવામાં આવેલ છે તથા તે અંગે રજીસ્ટ્રાર ઓફ કંપની–ગુજરાત ધ્વારા કંપની (ઈન્કોર્પોરેશન) રૂલ્સ ૨૦૧૪ ના નિયમ ૨૯ હેઠળ કોર્પોરેશન આઈડેન્ટીફીકેશન નંબર **(CIN)-U45200GJ/996PTCO29429** તા. ૧૭–૭–૨૦૧૫ થી આપવામાં આવેલ છે. ઠે. ૫૦૧ – ૫૦૬, શીલ્પ ટાવર, ટાગોર રોડ, રાજકોટ. ગુજરાત ના તા.   –૩–૨૦૧૮ ના ઠરાવથી અધિકૃત ડાયરેકટર જેને હવે "પ્રોમોટર અથવા વિકાસકર્તા" તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. (જે શબ્દપ્રયોગ **"Expression"** માં જો તે સંદર્ભ અથવા અર્થથી વિરૂઘ્ધ ન હોય તો તેમાં ઉપરોકત નોંધાયેલ કંપની, તેના વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની તથા કંપનીના તમામ સબંધિત તમામ ડાયરેકટરનો સમાવેશ થાય છે.)

બીજા પક્ષકાર તે જમીન માલીક નંબર ૧ વાળા	:	શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયા. ઉ.વ. ૫૬, ધંધો ખેતી/વેપાર, રે. રાજકોટ, ઠે. "મીત", ૮ – તપોવન સોસાયટી, પંચવટી મેઈન રોડ, રાજકોટ. **(Pan Card No. AIOPS1567J)**

શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયા (આધાર કાર્ડ નં.) જેનો હવે જમીન માલિક નં. ૧ અથવા **LAND OWNER NO. 1** તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. (જે શબ્દપ્રયોગ **'Expression'** માં જો તે સંદર્ભ અથવા અર્થથી વિરૂધ્ધ ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધિકારી, વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની તથા સબંધીત તમામનો સમાવેશ થશે.)

ત્રીજા પક્ષકાર તેજમીન માલીક નંબર ૨ વાળા	:	મે. એવરકોન ડેવલપર્સ પ્રા.લી. (કંપની ધારા હેઠળ રજિ.નં. ૦૪–૨૯૪૨૯/૧૯૯૬–૯૭ તા. ૨૨–૪–૧૯૯૬) વતી અધિકૃત ડાયરેકટર શ્રી ભરતભાઈ ગીરજાશંકર જોશી. ઉ.વ. ૬૩, ધંધો વેપાર, રે. રાજકોટ, ઠે. ૫૦૧ – ૫૦૬, શીલ્પ ટાવર, ટાગોર રોડ, રાજકોટ. **(Pan Card No. AAACO2484K)**

તે કંપની ધ્વારા ૧૯૫૬ હેઠળ સંસ્થાપિત તથા રજી. ક્રમાંક **(CIN:: 04-29429** જે કંપની ધારા–૧૯૭૬ હેઠળ મૂળ ઓમકીર્તિ કન્સ્ટ્રકશન પ્રા. લી. નામે સંસ્થાપિત થયેલ છે તથા રજીસ્ટ્રાર ઓફ કંપની ગુજરાત ધ્વારા રજી. નં. ૦૪/૨૯૪૨૯/૧૯૯૬–૯૭ તા. ૨૨–૪–૧૯૯૬ થી નોંધથી થયેલ છે. તેનું નામ બદલાવીને "એવરકોન ડેવલપર્સ પ્રા. લી. " કરવામાં આવેલ છે તથા તે અંગે રજીસ્ટ્રાર ઓફ કંપની–ગુજરાત ધ્વારા કંપની (ઈન્કોર્પોરેશન) રૂલ્સ ૨૦૧૪ ના નિયમ ૨૯ હેઠળ કોર્પોરેશન આઈડેન્ટીફીકેશન **(CIN)-U45200GJ/996PTCO29429** તા. ૧૭–૭–૨૦૧૫ થી આપવામાં આવેલ છે. ઠે. ૫૦૧ – ૫૦૬, શીલ્પ ટાવર, ટાગોર રોડ, રાજકોટ. ગુજરાત ના તા. –૩–૨૦૧૮ ના ઠરાવથી અધિકૃત ડાયરેકટર જેને હવે "જમીન માલિક નં. ૨ વાળા" **LAND OWNER NO. 2** તરીકે ઉલ્લેખ કરવામાં આવશે. (જે શબ્દપ્રયોગ **"Expression"** માં જો તે સંદર્ભ અથવા અર્થથી વિરૂધ્ધ ન હોય તો તેમાં ઉપરોકત નોંધાયેલ કંપની, તેના વહીવટકર્તા, પ્રબંધક, પરવાનગી આપેલ એસાઈની તથા કંપનીના તમામ સબંધિત તમામ ડાયરેકટરનો સમાવેશ થાય છે.)

તથા

ચોથા પક્ષકાર : શ્રી

તે ઉ.વ. ધંધો રે.

લખાવી લેનાર ઠે.

(એલોટી)

જેને હવેથી ખરીદનાર **(Purchaser)** તરીકે ઓળખવામાં આવશે.

(તે શબ્દ પ્રયોગ **'Expression'** માં તે સંદર્ભમાં અથવા અર્થથી વિરોધી ન હોય તો તે શબ્દોમાં ઉત્તરાધિકારી, વહીવટકર્તા, પ્રબંધક પરવાનગી આપેલ એસાઈની તથા સબંધીત તમામનો સમાવેશ થશે.)

પ્રમોટર–વિકાસકર્તા તથા ખરીદનારને ને સંયુકત રીતે "પક્ષકારો" તથા વ્યકિતગત રીતે "પક્ષકાર" તરીકે ઓળખવામાં આવશે.

૧. રાજકોટ શહેર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૨૬/૨ ની ખેડવાણ જમીન હેકટર આરે ચો.મી. ૧–૪૧–૬૪ પૈકીની ખેડવાણ જમીન હેકટર આરે ચો.મી. ૦–૬૯–૭૨ ટી.પી. સ્કીમ નં. ૭ (નાના મવા) એફ.પી. નં. ૨૯/૨ ની જમીન અમો બીજા પક્ષકાર એટલે કે શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયાએ ૧ નંબરની બુકના રજિ.નં. ૯૪૩૨ તા.૩–૬–૨૦૧૦ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજથી શ્રી પ્રાગજીભાઈ લાલજીભાઈ સાવલીયા વિગેરે પાસેથી વેચાણ રાખેલ હતી. તેની ગામ નમુના નં.૬ માં નોંધ નં. ૭૩૨૫ મંજૂર તા.૧૩–૧૦–૨૦૧૦ થી થયેલ હતી.

ત્યારબાદ ઉપરોકત જમીનને બીનખેડવાણ ના હેતુમાં ફેરવવાનું નકકી કરતા રાજકોટ મહાનગરપાલિકામાં લે–આઉટ પ્લાન માટે અરજી કરતાં વર્ગીકરણ નં. ૨૨ તા.૨૪–૧૧–૨૦૧૦ થી લે–આઉટ પ્લાન મંજુર થયેલ હતો. ત્યારબાદ ઉપરોકત જમીનને બિનખેતીમાં ફેરવવા માટે જિલ્લા સેવા સદન કચેરી બિનખેતી શરતભંગ શાખા શ્રોફ રોડ રાજકોટ સમક્ષ અરજી કરતાં તેના હુકમ નં. એન.એ./લે.રે.કોક/૬૫ કેસ નં. ૧૪૯/૧૦–૧૧ તા.૧–૨–૨૦૧૧ થી ઉપરોકત જમીનને બિનખેતીમાં ફેરવવામાં આવેલ હતી જેની ગામ નમુના નં.૬ માં નોંધ નં.૭૬૦૮ મંજૂર તા. ૨૬–૫–૨૦૧૧ થી નોંધ મંજુર થયેલ હતી. તેમજ ઉપરોકત જમીનની સીટી સર્વે હકક ચોકસી થતાં સીટી સર્વે વોર્ડ – ટી. પી. ૭ નાનામવા ના સીટી સર્વે નં. ૧૨૦૦૦૪ તા. ૧૪–૯–૨૦૧૭ થી ઉપરોકત જમીનની નોંધ થયેલ છે.

તે રીતે ઉપરોકત જમીન શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયાની કબજા ભોગવટા અને માલિકીની આવેલ હતી.

ઉપરોકત જમીનને લાગુ રાજકોટ શહેર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૨૭ પૈકી "સરદાર પટેલ પાર્ક" તરીકે ઓળખાતા વિસ્તારના બીનખેડવાણ પ્લોટો પૈકી ટી.પી. સ્કીમ નં. ૭ ના મુળ ખંડ નં. ૩૧ પૈકીના આખરી ખંડ નં. ૩૧/૧ ના પ્લોટ નં. ૧ થી ૫ ની કુલ જમીન ચો.મી. ૯૫૭૬.૦૦ તથા આખરી ખંડ નં. ૩૧/૪ ના પ્લોટ નં.૧ તથા પ્લોટ નં. ૨ ની જમીન ચો.મી. ૨૭૩૪.૦૦ એમ બન્ને આખરી ખંડના પ્લોટો ની કુલ જમીન ચો.મી. ૧૨૩૧૦.૦૦ ઓમકીર્તી કન્સ્ટ્રકશન પ્રા. લી. ના નામથી કામ કરતી કંપની વતી તેના ડાયરેકટર શ્રી ભરતભાઈ ગીરજાશંકર જોષીએ ૧ નંબરની બુકના રજિ.નં. ૨૧૦૯ તા.૨૨–૨–૨૦૦૮ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ થી શ્રી વીરજીભાઈ લાલજીભાઈ તંતી વિગેરેના કુલમુખત્યાર દરજજે શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયા પાસેથી વેચાણ રાખેલ હતી. તેની ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૫૨૫૬ તા. ૩૧–૩–૨૦૦૮ થી નોંધ થયેલ હતી.

ત્યારબાદ ઉપરોકત "ઓમ કિર્તિ કન્સ્ટ્રકશન પ્રા. લી. કંપની" ના ડાયરેકટરોએ કંપનીનું માત્ર નામ ચેન્જ કરવા માટે અરજી કરતાં ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેયર્સ રજીસ્ટ્રાર ઓફ કંપની અમદાવાદ ધ્વારા કંપનીસ રૂલ્સ ૨૦૧૪ હેઠળ "ઓમકિર્તિ કન્સ્ટ્રકશન પ્રા. લી. કંપની " માંથી "એવરકોન ડેવલપર્સ પ્રા. લી. કંપની" નામ કરવામાં આવ્યુ હતુ જે **(CIN:: U45200GJ1996PTC029429)** તા. ૧૭–૭–૨૦૧૫ થી પ્રમાણિત કરવામાં આવેલ હતું.

ઉપરોકત તમામ જમીન પૈકી આખરી ખંડ નં. ૩૧/૪ ના પ્લોટ નં. ૧ તથા પ્લોટ નં. ૨ ની જમીન ચો.મી. ૨૭૩૪.૦૦ માં ટી.પી. સ્કીમ ફાઈનલ થતા પુનઃવહેચણી પત્રક મુજબ જમીન ના ક્ષેત્રફળમાં વધારો થતા જમીન ચો.મી. ૨૭૭૪.૮૩ થયેલ હતી. તે અંગેની સીટી સર્વે હકક ચોકસી થતા સીટી સર્વે વોર્ડ ટી.પી. ૭ નાનામવા સીટી સર્વે નં. ૧૨૦૦૨૧ તા. ૧૪–૯–૨૦૧૭ થી ઉપરોકત જમીનની નોંધ થયેલ છે. તે રીતે ઉપરોકત જમીન "એવરકોન ડેવલપર્સ પ્રા. લી. કંપની" ની માલીકીની આવેલ હતી.

ઉપરોકત નાનામવાના રેવન્યુ સર્વે નં. ૨૬/૨ માં આવેલ ટી.પી. સ્કીમ નં. ૭ (નાનામવા આર.એમ.સી.) ના આખરી ખંડ નં. ૨૯/૨ ની જમીન ચો.મી. ૬૯૭૨.૦૦ તથા રેવન્યુ સર્વે નં.૨૭ પૈકી ટી.પી. સ્કીમ નં. ૭ (નાનામવા આર.એમ.સી.) પૈકી આખરી ખંડ નં. ૩૧/૪ ની જમીન ચો.મી. ૨૭૩૪.૦૦ બન્ને જમીન ઉપર બાંધકામ કરવા બન્ને જમીન માલીકો એ નકકી કરતાં રાજકોટ મહાનગરપાલિકામાં ઉપરોકત કુલ જમીન ચો.મી. ૯૭૦૬.૦૦ નું એમલગેમેશન કરી નવેસરથી એક પ્લોટ કરવા માટે અરજી કરતાં તેમજ સાથે બાંધકામ પરવાનગી અંગે અરજી કરતા રેડીયસ ડીફરન્ટ એરીયા ચો.મી. ૩.૩૫ બાદ જતા નેટ પ્લોટ એરીયા ચો.મી. ૯૭૦૨.૬૫ માંથી કોમન પ્લોટ એરીયા ચો.મી. ૯૭૫.૪૧ બાદ કરીને બાકીના નેટ પ્લોટ એરીયા ચો.મી. ૮૭૨૭.૨૪ ઉપર બાંધકામનો પ્લાન રજાચીઠ્ઠી નં. ૧૩૫૭ તા. ૨૩–૩–૨૦૧૮ થી મંજૂર થયેલ છે. તે મંજૂર થયેલ પ્લાન મુજબ ઉપરોકત સંપૂર્ણ જમીન ઉપર નું બાંધકામ મંજુર થયેલ છે. જેનું વર્ણન પરિશિષ્ટ–"૧" માં આપેલ છે.

ત્યારબાદ ઉપરોકત મંજૂર થયેલ પ્લાન મુજબ બાંધકામ કરવા માટે પક્ષકાર નં. ૧ ના એવરકોન ડેવલપર્સ પ્રા. લી. કંપની ધ્વારા પોતાની માલીકીની જમીન તથા પક્ષકાર નં. ૨ ના શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયાની માલીકીની જમીનમાં ડેવલપમેન્ટ કરવા માટે પક્ષકાર નં.૨ ના શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયા સાથે ૧ નંબરની બુકના રજિ.નં. ૧૬૭૫ તા.૪–૪–૨૦૧૮ થી ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ રજીસ્ટર કરાવેલ છે.

૨. તમો ખરીદનાર તથા અમો વેચનાર વચ્ચે વેચાણ કરાર રજિ.નં. ....

તા. – – અન્વયે ઉપરોકત રાજકોટ શહેર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૨૬/૨ માં આવેલ ટી.પી. સ્કીમ નં. ૭ (નાનામવા આર.એમ.સી.) ના આખરી ખંડ નં. ૨૯/૨ તથા રેવન્યુ સર્વે નં. ૨૭ પૈકી ટી.પી. સ્કીમ નં. ૭ (નાનામવા આર.એમ.સી.) પૈકી ૩૧/૪ મળી કુલ જમીન ચો.મી. ૯૭૦૬ માં રેડીયસ ડીફરન્ટ એરીયા ચો.મી. ૩.૩૫ તથા કોમન પ્લોટ એરીયા ચો.મી. ૯૭૫.૪૧ ઠરાવી નેટ પ્લોટ એરીયા ચો.મી. ૮૭૨૭.૨૪ ઉપર આવેલ "ટવીન સ્ટાર" ના નામે ઓળખાતા વાણિજય હેતુ માટેના હાઈરાઈઝ સંકુલ જેનું વર્ણન પરિશિષ્ટ–"૧" માં આવેલ છે તેમાં નોર્થ બ્લોક / સાઉથ બ્લોક / સેન્ટ્રલ બ્લોક માં .... ફલોર પર આવેલ શોરૂમ / ઓફીસ કારપેટ એરીયા ચો.મી. .... ચો.ફીટ .... થાય છે તેનુ વર્ણન પરિશિષ્ટ–"૨" માં આવેલ છે. તેમાં સમાવિષ્ટ થતી તમામ સામાન્ય તથા સહિયારી સુવિધાઓ જેનું વર્ણન પરિશિષ્ટ–"૩" માં આવેલ છે તે સહિત તમો ખરીદનારને ₹ .... અંકે રૂપિયા .... પુરામાં વેચાણ આપી તેનો ખાલી પ્રત્યક્ષ કબજો તમોને સોંપી આપેલ છે જે તમો ખરીદનારે સંભાળી લીધેલ છે.

૩. સદર વેચાણનો અવેજ નીચેની વિગતે તમો ખરીદનારે "એવરકોન ડેવલપર્સ પ્રા. લી. કંપની" ના નામના નીચે મુજબના ચેકથી આપતા મળેલ છે.

ક્રમ	રકમ રૂપિયા	ચેક નંબર	તારીખ	બેંક
૧.				
૨.				
૩.				
૪.				
કુલ ₹				

અંકે રૂપિયા .... પુરા ઉપર પ્રમાણે આપતા મળેલ છે જેની અમો લખી આપનારા તમામ પક્ષકારો સંયુકત રીતે પહોંચ સ્વીકારીએ છીએ.

ડેવલપર્સને જે કુલ અવેજ ની રકમ મળશે તેમાંથી તે ૪૦ % રકમ બાંધકામ પેટે રાખીને બાકી રકમ જમીન માલીકના હિસ્સા પેટે આવતી ૬૦ % રકમ જમીન માલીકો (૧) શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયા તથા અન્ય જમીન માલીકો (૨) મે. એવરકોન ડેવલપર્સ પ્રા. લી. વચ્ચે જમીન ના પ્રમાણસર ફાળવી આપવામાં આવશે.

૪. સદર મિલકત અમારી સુવાંગ અને સ્વતંત્ર માલિકીની છે. સદર મિલકતની અમે વિલ કે અન્ય પ્રકારે કોઈ જાતની તબદીલી કે સેટલમેન્ટ કે ટ્રસ્ટ, બક્ષીસ કે અન્ય રીતે વ્યવસ્થા કરી નથી તથા તેની તબદીલી કે અન્ય રીતે નીકાલ કરવાની વ્યવસ્થા કરવા અમને સંપૂર્ણ હકક, સત્તા અને અધીકાર છે તેવી ખાત્રી અને વિશ્વાસ આપી તમોને અવેજના બદલામાં વેચાણ આપેલ છે. તેમ છતાં કોઈનો હકક, ઈલાખો કે દાવો કે ભાગલાગ નીકળે કે કોઈપણ રીતે હકક બાબત તકરાર થાય તો તે તમો અમારા ખર્ચે દુર કરાવી શકશો.

૫. આ મિલકત ઉપર કોઈ જાતનો ચાર્જ ઉત્પન્ન કરેલ નથી કે તેના ઉપર કોઈ લોન કે પેશગી લેવામાં આવી નથી. તેમજ અન્યની લોનમાં જામીનગીરી તરીકે મુકવામાં આવી નથી તેમજ મિલકત ઉપર કોઈનો ભરણપોષણ કે કોઈ જાતનું લેણું ઉત્પન્ન કર્યુ નથી. આ રીતે કોઈ જાતના કરજ વગરની બોજામુકત વેચાણ આપી છે તેમ છતાં કોઈનું લેણું કે દરદાવો નીકળે તો તમો અમારી જાત યા અન્ય મિલકતથી અમારી પાસેથી વસુલ કરી શકો છો તેવી ખાત્રી આપી વેચાણ આપેલ છે.

૬. આ તમોને વેચાણ આપેલ મિલકત બિનખેતી આકાર કેળવણી કર, જમીન મહેસુલ તથા સરકારશ્રીના કે મ્યુનિસિપલના કે પંચાયતના કે અન્ય સ્થાનીક સંસ્થાની વસુલાત કે જે કાંઈ કરવેરા છે તે આજસુધીના અમોએ ભરી આપેલ છે તથા હવે પછી તમો ભરજો. આજસુધીના વેરાની રકમ જે કાંઈ નીકળે તે અમારે ભરી આપવી છે છતાં તમારે ભરવી પડે તો તે તમો અમારી પાસેથી વસુલ લેવા હકકદાર છો. હવેથી ડેવલપમેન્ટ ચાર્જ સહિતની તમામ પ્રકારના કરવેરાની જવાબદારી તમારી છે.

૭. આ મિલકત તમોને વેચાણ આપી કબજો સોંપી આપતા તમો તેના એકલા અને સુવાંગ સ્વતંત્ર માલિક બનો છો તે તમો તથા પુત્ર પૌત્રાદીક, વંશ પરંપરા, ઉતરાધીકારી સહિત માલિકી દરજજે કબજો, ભોગવટો, યાવતચંદ્ર દિવાકરો સુખેથી ભોગવજો, તેમાં સમાવેશ થતાં દરેક પ્રકારના સુખાધીકાર તથા અન્ય પ્રકારના હકકો તમો ભોગવી શકો છો તેમાં હવેથી અમારો કે અમારા વંશ વારસો કે ઉતરાધીકારીઓનો કે વાલી કે અન્ય હકકદારોનો કે કબજેદાર કે દાવેદારનો કોઈ પ્રકારનો હકક, હિત, હિસ્સો, દરદાવો કે ભાગલાગ નથી. તમો યોગ્ય લાગે તેને વેચાણ કે તબદીલ કરી શકો છો તેમ છતાં માલિકી કબજા સબંધમાં કોઈ વાંધો તકરાર થાય તો તેવા પ્રસંગે થતાં તમામ ખર્ચની તથા પરીણામની અને નુકશાનીની જવાબદારી અમારે શીરે છે.

૮. અમોએ વેચાણ આપેલ મિલકતના અમારા તેમજ મુળ માલિકીના હકક, ઈલાખા સંપૂર્ણ અને ચોખ્ખા તેમજ લોનેબલ છે તેમ છતાં અમારા પુરોગામીના અથવા અમારા માલિકી ટાઈટલ બાબતમાં વાંધો તકરાર ઉપસ્થિત થાય કે તેના હકકના કાગળોમાં તે બાબતે કોઈ ખામી કે ક્ષતિ જણાય તો તે અમારે દુર કરાવી આપવાની છે.

૯. આ મિલકત તમારા ખર્ચે તમારા નામે કરાવી આપવા માટે અમારે જયાં જયાં સહી કરવી પડે તે અમારે તમારી સાથે આવી કરી આપવાની છે. આ મિલકતનો વેચાણ દસ્તાવેજ તમારા ખર્ચે સબ–રજીસ્ટ્રાર કચેરીમાં આવી નોંધાવી આપવાનો છે.

૧૦. ઉપરોકત બહુમાળી ઈમારતમાં પ્લાનમાં મંજુર થયા મુજબ વ્યાપારી એકમ છે એ રીતે સહમાલિકીનું મકાન છે સદરહુ મકાન અંગે ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ ૧૯૭૩ ના ભાગ–૨ ની કલમ ૧૭ હેઠળ માલિકનો એકરાર રજી. નંબર
તા. થી નોંધાવવામાં આવેલ છે તેથી તેમાં જણાવેલ તેમજ નીચે દર્શાવેલ ખાસ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧) તમોને પ્લાનમાં મંજુર થયા પ્રમાણે કારપેટ એરીયાનું એકમ વેચાણ આપેલ છે એટલો તમો તેટલાજ ક્ષેત્રફળના સુવાંગ તથા સ્વતંત્ર માલિક થાઓ છો.
(૨) નીચેના ભાગે મંજુર થયેલા પાર્કીગમાં તમારા કબજામાં રહેતી જગ્યાના પ્રમાણમાં માત્ર પાર્કીગ પુરતો જ હકક રહેશે.
(૩) શો રૂમ / ઓફીસમાં એ.સી. મુકવામાં આવે તો તેનો આઉટલેટ એશોશીએશન તથા ડેવલપર્સ ની સુચના મુજબ મુકવાનો રહેશે.
(૪) તમોને વેચાણ આપેલ એકમવાળા મકાનમાં જે ભાગ સહીયારો છે તેની જાળવણી સાચવણી તથા વ્હાઈટવોશ તેમજ સામાન્ય સુવિધા અંગે તમામ પ્રકારના ખર્ચ તમારે અન્ય માલિકો સાથે સલાહ સંપથી નકકી કરીને જગ્યાના કબજાનાં પ્રમાણમાં વરાડે ભોગવવાના રહેશે.
(૫) જો મકાનમાં આવેલ માલિકો બહુમતીથી એસોસીએશનની રચના કરે તો તમારે સભ્ય થઈ સહકાર આપવાનો રહેશે.
(૬) તમારા એકમ પુરતાં અંદર તેમજ બહારના ભાગનો વ્હાઈટવોશ તથા સમારકામ ખર્ચ તમારે ભોગવવાનો રહેશે. તથા ઈમારતને નુકશાન ન થાય તથા અન્ય માલિકોનેઅડચણ ન થાય તે રીતે વર્તવાનું છે.
(૭) ભવિષ્યમાં મકાન અકસ્માતે પડી જાય કે નુકશાન થાય તો તમોને જે એકમ વેચાણ આપેલ તેટલા જ પુરતો જ તમારો હકક રહેશે તથા તેના સમારકામ/ બાંધકામનો ખર્ચ ચુકવ્યા બાદ જ તમો માલિકી હકક તરીકે તેનો કબજો પ્રાપ્ત કરી શકશો.
(૮) તમોને જે હેતુસર શો રૂમ / ઓફીસ વેંચાણ આપેલ છે તે સિવાયના અન્ય હેતુ માટે તેનો ઉપયોગ થઈ શકશે નહીં.
(૯) જગ્યામાં સામાન્ય હેતુ માટે વપરાતા પાણીના વિજળીના કે જાળવણી સાચવણીના બીલ નિયમીત ચુકવવાના રહેશે.
(૧૦) બહારના એલીવેશન કે કલરમાં ફેરફાર માત્ર સર્વ સંમતીથી થઈ શકશે.
(૧૧) સદરહું શો રૂમ / ઓફીસ નું બાંધકામ ફીટીંગ વિગેરે તપાસી તમોએ વેચાણ રાખેલ છે તેથી તમો વ્યકિતગત રીતે અથવા અન્ય માલિકો સાથે તે બાબતે કોઈ તકરાર ઉઠાવવા હકકદાર રહેશે નહીં.
(૧૨) ધારકો વચ્ચે કોઈપણ જાતની સમસ્યા વાંધો તકરારનો ગુજરાત ઓનરશીપ ફલેટ એકટ ૧૯૭૩ ની જોગવાઈ મુજબ નીકાલ કરવાનો રહેશે.

૧૧. આ મિલકતના હકકને લગતા કાગળો નીચે મુજબ છે.

(૧) ગુજરાત રીયલ એસ્ટેટ (રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ) રૂલ્સ (રેરા) ૨૦૧૭ હેઠળ નોંધણીનું પ્રમાણપત્ર (બાકી છે.)

(૨) ૧ નંબરની બુકના રજિ.નં. ૧૬૭૫ તા. ૪–૪–૨૦૧૮ થી નોંધાયેલ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ જે "એવરકોન ડેવલપર્સ પ્રા. લી. કંપની" તે ડેવલપર્સ તથા શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયા તે જમીન માલીક વચ્ચે થયેલ છે.

(૩) રાજકોટ મહાનગરપાલિકાની બાંધકામ પરવાનગી ક્રમાંક ૧૩૫૭ તા.૨૩–૩–૨૦૧૮ ની તેના મંજુર થયેલ એમલગેશન તથા બાંધકામના પ્લાન સહિત. "એવરકોન ડેવલપર્સ પ્રા. લી. કંપનીના નામની.

નાનામવા રેવન્યુ સર્વે નં. ૨૬/૨ ની જમીન ના હકકને લગતા તમામ કાગળો નીચે મુજબ છે.

(૪) સીટી સર્વે વોર્ડ ટી.પી. ૭ નાનામવા સીટી સર્વે નં. ૧૨૦૦૦૪ એફ.પી. નં. ૨૯/૨ ચો.મી. ૬૯૭૨ મંજુર તા. ૧૪–૯–૨૦૧૭ નું સીટી સર્વે પ્રોપર્ટીકાર્ડ શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયાના નામનું.

(૫) રેવન્યુ સર્વે નં. ૨૬ પૈકી અંતીમ ખંડ નં. ૨૯/૨ તા.૧૦–૧૧–૨૦૧૫ નું ઝોનીંગ સર્ટીફીકેટ.

(૬) બિનખેતીની નોંધવાળા ગામ નમુના નં.૬, ૮–અ તથા ૭–૧૨ નોંધ નં. ૭૬૦૮ મંજૂર તા. ૨૬–૫–૨૦૧૧.

(૭) જિલ્લા સેવા સદન કલેકટર કચેરી બિનખેતી શરત ભંગ શાખા રાજકોટ ધ્વારા ઈસ્યુ કરાયેલ શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયા ના નામનો હુકમ નં. એન.એ./લે.રે.કોક./૬૫/ કેસ નં. ૧૪૯/૧૦–૧૧ તા. ૧–૨–૨૦૧૧ નો. (ગામ નમુનો નં. ૬ (હકક પત્રક) નોંધ નં. ૭૬૦૮ મંજૂર તા. ૨૬–૫–૨૦૧૧)

(૮) રાજકોટ મહાનગરપાલિકાએ મંજુર કરેલ લે–આઉટ પ્લાનનો હુકમ વર્ગીકરણ નં. ૨૨ તા.૨૪–૧૧–૨૦૧૦ નો તેના મંજુર થયેલ લે–આઉટ પ્લાન સહિત.

(૯) ૧ નંબરની બુકના રજિ.નં. ૯૪૩૨ તા. ૩–૬–૨૦૧૦ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ જે શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયા જોગ શ્રી પ્રાગજીભાઈ લાલજીભાઈ સાવલીયા વિગેરે એ કરી આપેલ છે. (ગામ નમુનો નં. ૬ (હકક પત્રક) નોંધ નં. ૭૩૨૫ મંજૂર તા. ૬–૯–૨૦૧૦)

(૧૦) હિસ્સા ફોર્મ નં. ૪ તથા માપણી શીટની નકલ.

(૧૧) શ્રી જાદવભાઈ પાંચાભાઈનું અવસાન થતા તેમના નામ કમી ની નોંધવાળા ગામ નમુના નં. ૬ નોંધ નં. ૫૭૩૪ મંજુર તા. ૫–૧૨–૨૦૦૮.

(૧૨) નગર રચના યોજના નં. ૭ (નાનામવા) (આર.એમ.સી.) રાજકોટ પ્રારંભિક યોજના નું પુનઃવહેચણી પત્રક.

(૧૩) શ્રી રળીયાતબેન લાલજીભાઈ વિગેરે ના નામ કમી અંગેની હકક પત્રકની નોંધ નં. ૬૯૦૬ મંજૂર તા.૨૭–૫–૨૦૧૦ ની.

(૧૪) સહહિસ્સેદાર તરીકે વારસદારોના નામ દાખલ કરવા અંગેની ગામ નમુના નોંધ નં. ૧૭૪ મંજૂર તા.૧૯–૮–૧૯૯૫.

(૧૫) શ્રી લાલજી જાદવના કૌટુંબીક વહેચણી અંગેના ગામ નમુના નં. ૬ માં નોંધ નં. ૯૧ મંજુર તા. ૨૫–૧–૧૯૯૦ .

(૧૬) સક્ષમ અધિકારી અને નાયબ કલેકટરશ્રી શહેરી જમીન ટોચમર્યાદા રાજકોટનો શહેરી જમીન ટોચમર્યાદા અને નિયમન અધિનિયમ ૧૯૭૬ ની કલમ ૮(૪) અને ૯ મુજબનો હુકમ નં. યુ.એલ.સી. ૬(૧) ૨૯૮૬/૭૬ તા. ૨૬–૪–૧૯૯૫ નો હુકમ.

(૧૭) ૧ નંબરની બુકના વો. ૧૮૪ માં રજિ.નં. ૧૫૮૮ તા. ૧૮–૭–૧૯૫૯ થી નોંધાયેલ ખેતી જમીન "મેલડીવાળુ ખેતર" એ. ૧૧–૨૪ ગુંઠાનો વેચાણ દસ્તાવેજ જે શ્રી પટેલ જાદવ પાંચાભાઈ જોગ જાડેજા અજીતસિંહ અગરસિંહજી વિ. એ કરી આપેલ છે.

(૧૮) ૧ નંબરની બુકના વો. ૬૮ માં રજિ.નં. ૬૯૦ તા. ૧૫–૬–૧૯૫૪ થી નોંધાયેલ અદલા બદલાનો દસ્તાવેજ જે શ્રી જાડેજા કલુભા ખોડુભા તથા જાડેજા અજીતસિંહ અગરસિંહ વિગેરે વચ્ચે થયેલ છે.

(૧૯) ટીપ્પણ તથા માપણી ની જંગલ બુક ની ખોડુભા રામસંગના નામની.

નાનામવા રેવન્યુ સર્વે નં. ૨૭ ની જમીન ના હકકને લગતા તમામ કાગળો નીચે મુજબ છે.

(૧) એવરકોન ડેવલપર્સ પ્રા. લી. ના નામનું સીટી સર્વે વોર્ડ ટી.પી. ૭ નાનામવા એફ.પી. નં. ૩૧/૪ ચો.મી. ૨૭૭૪.૮૩ નું સીટી સર્વે પ્રોપર્ટીકાર્ડ.

(૨) ઓમકીર્તી કન્સ્ટ્રકશન પ્રા. લી. કું. ના નામના ગામ નમુના નં. ૬ નોંધ નં. ૫૨૫૬ મંજૂર તા.૩૧–૩–૨૦૦૮

(૩) ૧ નંબરની બુકના રજિ.નં. ૨૧૦૯ તા. ૨૨–૨–૨૦૦૮ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ જે ઓમકીર્તી કન્સ્ટ્રકશન પ્રા. લી. કંપની જોગ શ્રી વીરજીભાઈ લાલજી તંતી વિગેરેના કુલમુખત્યાર શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયાએ કરી આપેલ છે.

(૪) ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયા મીનીસ્ટ્રી ઓફ કોર્પોરેટ અફેયર્સ રજીસ્ટ્રાર ઓફ કંપનીઝ અમદાવાદ ધ્વારા "ઓમકીર્તી કન્સ્ટ્રકશન પ્રા. લી. કંપની" રજિ. નં. ૦૪/૨૯૪૨૯/૧૯૯૬–૯૭ તા. ૨૨–૪–૧૯૯૬ માંથી એવરકોન ડેવલપર્સ પ્રા. લી. કંપની નામ કરવામાં આવ્યુ તે અંગેનું સર્ટીફીકેટ નં. **(CIN-U45200GJ1996 PTC 29429** તા. ૧૭–૭–૨૦૧૫ નું.)

(૫) નગર રચના યોજના નં. ૭ (નાનામવા) (આર.એમ.સી.) રાજકોટ પ્રારંભિક યોજનાનું પુનઃવહેચણી પત્રક તથા ટી.પી. સ્કેચની નકલ તા. ૧૩–૫–૨૦૦૮.

(૬) કંપની એકટ ૧૯૫૬ હેઠળ નમુના નં. ૩૨ હેઠળ ડાયરેકટરના નામના ફેરફાર હેઠળનું ફોર્મ તા. – –૨૦૦૪.

(૭) ઓમકીર્તી કન્સ્ટ્રકશન પ્રા. લી. કંપની ના નામના ડેવલપર તરીકે નામ દાખલ કરવા અંગેની નોધ વાળા ગામ નમુના નં. ૬. નોંધ નં. ૧૦૯૩ મંજૂર તા. ૨૪–૫–૨૦૦૨.

(૮) ૧ નંબરની બુકના રજિ.નં. ૫૪૩૪ તા. ૨૯–૧૦–૨૦૦૧ થી નોંધાયેલ ડેવલપમેન્ટ એગ્રીમેન્ટ જે શ્રી ઓમકીર્તી કન્સ્ટ્રકશન પ્રા. લી. કંપની જોગ શ્રી વીરજીભાઈ લાલજીભાઈ વિગેરે એ કરી આપેલ છે.

(૯) ઓમકીર્તી કન્સ્ટ્રકશન પ્રા. લી. કંપનીનું મેમોરેન્ડમ ઓફ એશોશીએશન તથા આર્ટીકલ્સ ઓફ એશોશીએશન ની નકલ જેમાં નામ ચેન્જ થતા "એવરકોન ડેવલપર્સ પ્રા. લી. કંપની" થયેલ છે.

(૧૦) કલેકટર કચેરી બિનખેતી શરતભંગ શાખા રાજકોટે ઈસ્યુ કરેલ બિનખેતી હુકમ નં.એન.એ./લે.રે.કોક/૬૫/કેસ નં. ૨૩૦/૯૯–૨૦૦૦ તા. ૩–૫–૨૦૦૦ નો.

(૧૧) રાજકોટ મહાનગરપાલિકાએ ઈસ્યુ કરેલ લે આઉટ પ્લાન અંગેનો હુકમ વર્ગીકરણ નં.૨૨૯ તા. ૨૫–૪–૨૦૦૦ નો તેના મંજુર થયેલ લે–આઉટ પ્લાન સહિત.

(૧૨) શ્રી વીરજીભાઈ લાલજીભાઈ વિગેરે એ શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયાની તરફેણમાં તા. ૨૦–૪–૧૯૯૮ ના રોજ કરી આપેલ કુલમુખત્યારનામું.

(૧૩) શ્રી વીરજીભાઈ લાલજીભાઈ વિગેરે ના નામના ગામ નમુના નં.૬ ની નોંધ નં. ૫ તા.૨૮–૧૨–૧૯૮૩ ની વારસાઈ નોંધવાળા.

(૧૪) ૧ નંબરની બુકના વો. ૧૮૬ માં રજિ.નં. ૧૮૯૦ તા. ૧૫–૯–૧૯૫૯ થી નોંધાયેલ વેચાણ દસ્તાવેજ જે શ્રી પટેલ લાલજી જેરામભાઈ તંતી જોગ જાડેજા જેસંગજી દોલતસિંહજી એ કરી આપેલ છે.

(૧૫) પ્રમોલગેશનની નોંધવાળા ગામ નમુના નં. ૯ ની નકલ ઉપલબ્ધ નથી તેનો દાખલો.

(૧૬) ટીપ્પણ તથા જંગલ બુક ની નકલ જાડેજા જેસંગજી દોલતસંગના નામની.

૧૨. વેચાણ આપેલ મિલકતનું વર્ણન :–

પરિશિષ્ટ–"૧"

ગુજરાત રાજય રજિસ્ટ્રેશન જિલ્લા રાજકોટના પેટા જિલ્લા રાજકોટના શહેર રાજકોટ મહાનગરપાલિકામાં સમાવિષ્ટ નાનામવાના રેવન્યુ સર્વે નં. ૨૬/૨ માં આવેલ ટી.પી. સ્કીમ નં.૭ (નાનામવા આર.એમ.સી.) ના આખરી ખંડ નં. ૨૯/૨ તથા રેવન્યુ સર્વે નં. ૨૭ પૈકી ટી.પી. સ્કીમ નં. ૭ (નાનામવા આર.એમ.સી.) પૈકી ૩૧/૪ બન્ને મળી કુલ જમીન ચો.મી. ૯૭૦૬.૦૦ માં રેડીયસ ડીફરન્ટ એરીયા ચો.મી. ૩.૩૫ તથા કોમન પ્લોટ એરીયા ચો.મી. ૯૭૫.૪૧ ઠરાવી બાદ કરીને નેટ પ્લોટ એરીયા ચો.મી. ૮૭૨૭.૨૪ ઉપર આવેલ વાણિજય હેતુ માટેના હાઈરાઈઝ સંકુલ "ટવીન સ્ટાર" ના નામે ઓળખાતો પ્રોજેકટ તેનું વિગતવાર વર્ણન નીચે મુજબ છે.

ઉપરોકત "ટવીન સ્ટાર" પ્રોજેકટ માટે રાજકોટ મહાનગરપાલિકાની બાંધકામ પરવાનગી ક્રમાંક ૧૩૫૭ તા. ૨૩–૩–૨૦૧૮ ની મેળવી સુચીત બાંધકામ ચાલુ કરવામાં આવેલ છે.

મંજુર થયેલ પ્લાન મુજબ "ટવીન સ્ટાર" વાણિજય હેતુ માટેના હાઈરાઈઝ સંકુલ છે તેમાં નોર્થ બ્લોક / સાઉથ બ્લોક તેમજ સેન્ટ્રલ બ્લોકનું બાંધકામ છે.

ઉપરોકત "ટવીન સ્ટાર" ના નામે ઓળખાતા વાણિજય હેતુ માટેના હાઈરાઈઝ સંકુલ પ્રોજેકટ વાળી જમીનની હદદીશા તથા માપ નીચે મુજબ છે.

ઉતરે	:	૧૨.૦૦ મી. પહોળો રસ્તો તે તરફ ઉતર–પશ્ચિમ બાજુ ગોળાઈ કપાય છે.
દક્ષિણે	:	૯.૦૦ મી. પહોળો રસ્તો તે તરફ દક્ષિણ–પશ્મિચ બાજુ ગોળાઈ કપાય છે.
પુર્વે	:	લાગુ એફ.પી. નં. ૩૦/૨ ની જગ્યા.
પશ્ચિમે	:	૪૫.૦૦ મી. પહોળો રસ્તો તે તરફ ઉતર તથા દક્ષિણ બન્ને તરફ ગોળાઈ કપાય છે.

પરિશિષ્ટ–"૨"

ઉપરોકત "ટવીન સ્ટાર" ના નામે ઓળખાતા વાણિજય હેતુ માટેના હાઈરાઈઝ સંકુલ માં નોર્થ બ્લોક / સાઉથ બ્લોક / સેન્ટ્રલ બ્લોકમાં .... માળે આવેલ શો–રૂમ/ઓફીસ નં. .... કારપેટ એરીયા ચો.મી.આ. .... (ચો.ફુટ.આ. ....) ના ક્ષેત્રફળવાળા શોરૂમ/ઓફીસની હદદીશા.

ઉતરે :

દક્ષિણે :

પુર્વે :

પશ્ચિમે :

પરિશિષ્ટ–"૩"

–––––––––

ઉપર જણાવેલ પરિશિષ્ટ '૧' માં જણાવેલ ઈમારત હેઠળની સઘળી જમીન ભોંયતળીયે આવેલ પાર્કીગની જગ્યા, લીફટ, લીફટ રુમ, તથા ખુલ્લી જગ્યા, પ્રવેશ, સમગ્ર ઈમારતની સીડી, ચાલ, પ્લીન્થ, બીમ કોલમ, સપોર્ટીગ વોલ, ગટર કનેકશન, પ્લમ્બીંગ વર્ક, પાણી જોડાણ, વિજળી જોડાણ, સામાન્ય અગાસી, ચાલી, બાલ્કની, પેસેજ બહારની દિવાલ, ડક વિગેરે આ પરીશીષ્ટમાં દર્શાવેલ તથા પ્લાનમાં મંજુર થયેલ સામાન્ય સહીયારી સુવિધા તથા સામાન્ય વિસ્તારમાં બધાંજ શો રૂમ / ઓફીસ ધારકો વચ્ચે સહીયારી તથા મજમુ હોવાથી કાયમ માટે અવિભાજય રહેશે.

એ રીતે ઉપરોકત વિગતો કબુલ રાખીને બન્ને પક્ષકારો વચ્ચે આ વેચાણ દસ્તાવેજ કરવામાં આવે છે. જે બન્ને પક્ષકારોને જાતે તથા તેમના એજન્ટ, પ્રતિનિધિ, કુલમુખત્યાર તથા વંશ વારસો તમામને બંધનકર્તા છે તે બદલ આ નીચે સહી કરી સાક્ષીઓ નખાવી આપી છે.

મુ. રાજકોટ તા. – –૨૦૧૮

અત્ર.........................મતુ અત્ર..........................શાખ

–––––––––––––––––––– ––––––––––––––––––––

મે. એવરકોન ડેવલપર્સ પ્રા.લી.
(કંપની ધારા હેઠળ રજિ.નં.
૦૪–૨૯૪૨૯/૧૯૯૬–૯૭
તા. ૨૨–૪–૧૯૯૬) વતી
અધિકૃત ડાયરેકટર
શ્રી ભરતભાઈ ગીરજાશંકર જોશી.
(ડેવલપર્સ)

——————————————————— ———————————————————

શ્રી દિનેશભાઈ પોપટભાઈ સોરઠીયા.
(જમીન માલિક)

———————————————————————

મે. એવરકોન ડેવલપર્સ પ્રા.લી.
(કંપની ધારા હેઠળ રજિ.નં.
૦૪–૨૯૪૨૯/૧૯૯૬–૯૭
તા. ૨૨–૪–૧૯૯૬) વતી
અધિકૃત ડાયરેકટર
શ્રી ભરતભાઈ ગીરજાશંકર જોશી.
(જમીન માલિક)